# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-10-2023** **Evening : 7.10 to 7.20pm**
**Day: TUESDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જયેશ પટેલ વાંચે છે.**

---

- આગામી સમયમાં યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભમાં રાજયના બધા જ 33 જીલ્લાઓમાં– ઇવીએમ – ની પહેલા તબક્કાની ચકાસણી કામગીરીનો આરંભ થયો છે.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમેરિકાના સાન ફ્રાન્સિસ્કો કેલિફોર્નિયામાં યોજાયેલ અલાયન્સ ઈન્ડસ યુ.એસ. ઇન્ડિયા કોર્પોરેટ ગવર્મેન્ટ સમિટનું ગાંધીનગરથી વર્ચ્યુઅલી ઉદઘાટન કર્યું છે.
- વાઇબ્રન્ટ ગુજરાત, વાઇબ્રન્ટ મહેસાણા અંતર્ગત 79 કરોડ રૂપિયાના સમજૂતી કરાર થયા છે.
- મોરબી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને આંતરરાષ્ટ્રીય કક્ષાની ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા માટે ISQUA પ્રમાણપત્ર અપાયું છે.
- સમગ્ર વિશ્વમાં પ્રાણી કલ્યાણના અર્થે દર વર્ષે 4 ઓક્ટોબરના રોજ એનિમલ વેલ્ફેર ડે મનાવવામાં આવે છે.
- અમદાવામાં યોજનારી વિશ્વ કપ ક્રિકેટ મેચોને ધ્યાનમાં રાખીને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ મોટેરા ખાતે આવવા જવા માટે મેટ્રો ટ્રેનની સેવામાં ફેરફાર કરવામાં આવ્યો છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## EVM checking

આગામી સમયમાં યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભમાં રાજયના બધા જ 33 જીલ્લાઓમાં– ઇવીએમ – ની પહેલા તબક્કાની ચકાસણી કામગીરીનો આરંભ થયો છે.

કેન્દ્રિય ચૂંટણીપંચના અધિકારીઓ તેમજ રાજયના મુખય ચૂંટણી અધિકારી અને જીલ્લા ચૂંટણી અધિકારીઓ, વેબ કાસ્ટીંગ દ્વારા ઇવીએમ – ની પહેલા તબક્કાની ચકાસણી કામગીરી ઉપર નિરીક્ષણ કરશે.

ઇવીએમમાં કોઇ ખામી ન રહે તે માટે ભારત ઇલેક્ટ્રોનિકસ કંપનીના એન્જિનીયરો દ્વારા મતદાન યંત્રોની પ્રથમ તબક્કાની ચકાસણી હાથ ધરાઇ છે. આજથી શરૂ થયેલી ઇવીએમની ચકાસણીની કામગીરી અંદાજે એક મહિના સુધી ચાલશે. જેમાં આશરે 90 હજાર બેલેટ યુનિટ, 77 હજાર કંટ્રોલ યુનિટ અને 85 હજાર વીવીપીટી યુનિટની ચકાસણી કરાશે. આ ચકાસણીમાં યોગ્ય ઠરેલા ઇવીએમ નો ઉપયોગ ચૂંટણી દરમિયાન કરાશે. આ પ્રક્રિયા પારદર્શક રહે તે માટે ચૂંટણીપંચે ચૂંટણી તંત્રે બધા જ રાષ્ટ્રીય અને રાજયકક્ષાના માન્ય પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવાનું આમંત્રણ આપ્યું છે.

ઉલ્લેખનીય છે કે, રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા રાજયભરના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ તથા નાયબ ચૂંટણી અધિકારીઓ અને એફએલસી સુપરવાઇઝરને ઇવીએમની પહેલા તબક્કાની ચકાસણીની તાલીમ અપાઇ હતી.

## CM America summit

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમેરિકાના સાન ફ્રાન્સિસ્કો કેલિફોર્નિયામાં યોજાયેલ અલાયન્સ ઈન્ડસ યુ.એસ. ઇન્ડિયા કોર્પોરેટ ગવર્મેન્ટ સમિટનું ગાંધીનગરથી વર્ચ્યુઅલી ઉદઘાટન કર્યું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાત નિતી આધારીત રાજય છે અને રાજ્ય સરકાર ઉદ્યોગો, હરિત ઉર્જા અને તે માટેની ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા માટે સતત કાર્યરત છે.

આ સમિટનાં ઉદઘાટન સત્રમાં સંબોધન કરતાં મુખ્યમંત્રીશ્રીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતની વિવિધ ક્ષેત્રની ઉલ્લેખનીય સિદ્ધિઓનો ભારપૂર્વક ઉલ્લેખ કર્યો હતો. ભારતના એક્સપોર્ટમાં ગુજરાતનું યોગદાન તેમજ રાજ્યનો મજબૂત આર્થિક વિકાસ તેમજ ઇન્ડસ્ટ્રીયલ આઉટપુટનો ચિતાર તેમણે આપ્યો હતો. દેશના GDPમાં ગુજરાતનું યોગદાન ૮ ટકા અને ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૮ ટકા રહ્યું છે તેની વિગતો તેમણે આપી હતી.

મુખ્યમંત્રીએ આગામી સમયમાં જાહેર થનારી સૂર્ય ઉર્જા નીતીની વાત કરી હતી અને હાઇડ્રોજન એનર્જી ક્ષેત્રે ગુજરાતને અગ્રેસર બનાવવા માટેના આયોજનની જાણકારી આપી હતી.

મુખ્યમંત્રીએ ભારત અને અમેરિકાના વેપાર અને મૂડીરોકાણ સંબંધોને વધુ મજબૂત કરવા આગામી વૈશ્વિક ગુજરાત વાઇબ્રન્ટ સમિટ પરિષદ ૨૦૨૪માં સહભાગી થવા અમેરિકાના વેપાર અને ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓને આમંત્રણ પાઠવ્યું હતું.

અમેરિકન કોંગ્રેસના સદસ્યો તેમજ અધિકારીઓએ આંતરરાષ્ટ્રીય ભાગીદારીને આગળ ધપાવાના અલાયન્સ ઇન્ડસ મંચના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

ભારત, અખાતી દેશોની સહકાર પરિષદ અને આફ્રિકન દેશોના આર્થિક વિકાસને ગતિ આપવા તેમજ ટકાઉ વિકાસને સાકાર કરવા માટે અત્યાધુનિક ટેકનોલોજીના વિનિયોગ કરવા પર આ બેઠક દરમિયાન વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી

## Mehsana Vibrant

વાઇબ્રન્ટ ગુજરાત, વાઇબ્રન્ટ મહેસાણા અંતર્ગત 79 કરોડ રૂપિયાના સમજૂતી કરાર થયા છે. ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂતે આ કાર્યક્રમનું ઉદઘાટન કરતાં જણાવ્યું કે, ગુજરાત રાજય ભારતના વિકાસનું મોડલ સ્ટેટ બન્યું છે.

સ્થાનિક કૌશલ્યને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે દરેક જીલ્લામાં વાઇબ્રન્ટ ગુજરાત, વાઇબ્રન્ટ જિલ્લા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

મહેસાણા ખાતેના કાર્યક્રમમાં એક જીલ્લો, એક ઉત્પાદન આધારિત પ્રદર્શન, પરિસંવાદ, નિકાસ અંગેના પરિસંવાદ જેવા કાર્યક્રમો યોજાયા હતા. આ ઉપરાંત બી ટુ બી, બી ટુ સી સહિત 21 રાઉન્ડ ટેબલ બેઠકોનું આયોજન કરાયું હતું.

આ ઉપરાંત માનવ કલ્યાણ યોજના અંતર્ગત લાભાર્થીઓને દરજીકામ અને બ્યૂટીપાર્લરની કીટ આપવામાં આવી હતી. ઉદ્યોગમંત્રીના હસ્તે વિવિધ ઉદ્યોગકારોને પોતાના ઉદ્યોગો સ્થાપવા 40 કરોડ રૂપિયાના ચેક આપવામાં આવ્યા હતા.

**Bharatnagat Certi**

મોરબી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને આંતરરાષ્ટ્રીય કક્ષાની ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા માટે ISQUA પ્રમાણપત્ર અપાયું છે.

કેન્દ્ર સરકારની ટીમે બે દિવસ સુદી એક હજાર 364 મુદ્દાઓ અંગે ઝીણવટભરી તપાસના અંતે ભરતનગર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને 81 ટકા આપ્યા હતા.

આ કેન્દ્ર 6 બેડ ધરાવતી તથા ટીબી, મેલેરિયા સહિત 17 લેબ ટેસ્ટની સુવિધા ધરાવતી સરકારી સંસ્થા છે.

આ કન્દ્રમાં ઔષધીય વૃક્ષો સાથેનું હર્બલ ગાર્ડન પણ છે.

**khijadiya**

ભારત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા27 સપ્ટેમ્બર 2023ના રોજ ખીજડીયા ગામને સિલ્વર કેટેગરી અંતર્ગત 'બેસ્ટ ટુરીઝમ વિલેજ-2023' એવોર્ડ

એનાયત કરવામાં આવ્યો છે. ખીજડીયા માં વર્ષ-2023માં થયેલ પક્ષી ગણતરી મુજબ 300થી પણ વધુ પ્રકારના પક્ષીઓ સહિત કુલ 1લાખ 25 હજાર 638 જેટલા પક્ષીઓની સંખ્યા નોંધાયેલી છે. પ્રાણીઓના અધિકારોને પ્રોત્સાહન આપવા અને સમગ્ર વિશ્વમાં પ્રાણી કલ્યાણના અર્થે દર વર્ષે 4 ઓક્ટોબરના રોજ એનિમલ વેલ્ફેર ડે મનાવવામાં આવે છે આ દિવસ 4 ઓક્ટોબર 1929 ના રોજથી મનાવવામાં આવે છે. ગુજરાતમાં 23 અભ્યારણ્યો, 4 રાષ્ટ્રીય ઉદ્યાન અને 1 જૈવ આરક્ષિત ક્ષેત્ર આવેલ છે. જે અભ્યારણ્યો પૈકી 1 અભયારણ્ય જામનગર જિલ્લાનું ખીજડીયા પક્ષી અભયારણ્ય છે.

ખીજડીયા પક્ષી અભયારણ્ય એ જામનગરથી 12 કિ.મી. દૂર જામનગર-રાજકોટ રાજ્ય ધોરીમાર્ગ ઉપર આવેલૂ છે. 605 હેકટરમાં ફેલાયેલ આ જલપ્લાવિત અભ્યારણ છે. 3 ફેબ્રુઆરી 2022 ના દિવસે આ અભ્યારણ્યને રામસર સાઇટનો દરજ્જો પ્રાપ્ત થતાં સમગ્ર ગુજરાતના ગૌરવમા વધારો થયો છે.

## Metro Train Time

અમદાવામાં યોજનારી વિશ્વ કપ ક્રિકેટ મેચોને ધ્યાનમાં રાખીને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ મોટેરા ખાતે આવવા જવા માટે મેટ્રો ટ્રેનની સેવામાં ફેરફાર કરવામાં આવ્યો છે.

સત્તાવાર યાદી મુજબ તારીખ 5 અને 14, ઓકટોબર તેમજ 4, 10, 19 નવેંબરના રોજ સવારના 6 વાગીને 20 મીનીટથી મધ્યરાત્રિના 1 વાગ્યા સુધી મેટ્રો ટ્રેન સેવા ઉપલબ્ધ રહેશે.

મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન પરથી પરત મુસાફરી માટૈ ટિકિટીના ખરીદીમાં ભીડ ટાળવા માટે પેપર ટીકીટની સુવિધા શરૂ કરાઇ છે. જે પરત મુસાફરી માટે મેચના દિવસે રાત્રે 10 વાગ્યા પછી કોઇપણ સ્ટેશન સુધીની મુસાફરી માટે 50 રૂપિયાના નિશ્ચિત દરે ખરીદી શકાશે.

## Renewable energy in Gujarat

ગુજરાતે સ્વચ્છ અને હરિત ઊર્જાની મદદથી આગામી 2030 સુધીમાં 80 ગીગાવોટ પુનઃપ્રાપ્ય ઉર્જા મેળવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. આ પૈકી અત્યાર સુધીમાં 22.5 ગીગાવોટ ઉર્જા ઉત્પાદનનો લક્ષ્યાંક હાંસલ કરી લેવામાં આવ્યો છે.

ગુજરાતે ચારણકામાં 700 મેગાવોટ ક્ષમતાવાળો ગુજરાત સોલાર પાર્ક, ભારતનો પ્રથમ કેનાલ-ટોપ સોલાર પાવર પ્રોજેક્ટ, અને મહેસાણા જિલ્લાના મોઢેરા ગામના દરેક ઘરને ચોવીસ કલાક સૌર ઊર્જા પ્રદાન કરવા માટે દેશનો પ્રથમ (BESS) પ્રોજેક્ટ હાથ ધર્યા છે. આ ઉપરાંત કચ્છ ખાતે 30 ગીગાવોટનો વિંડ-સોલાર હાયબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક પણ વિકસિત કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત જમીન પર 180 ગીગાવોટની ઓનશોર વિંડ પાવર અને દરિયાકિનારા સહિત 30-35 ગીગાવોટ ઓફશોર પવનની સંભાવનાઓનો ઉપયોગ કરવા માટેની વ્યૂહરચના વિકસિત કરવામાં ગુજરાત અગ્રેસર છે. એવી જ રીતે ગુજરાત ઇલેક્ટ્રિક વાહનો (EVs) ના ઉપયોગમાં પણ ઝડપ લાવી રહ્યું છે, અને 2025 સુધીમાં 2 લાખ EVs ના લક્ષ્યાંકની સામે 60 હજાર ઇલેક્ટ્રીક વાહનોની નોંધણી થઇ છે.

ગુજરાત પુનઃ પ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે ઉત્પાદન, સેવાઓ અને માળખાકીય વિકાસ સહિત વિવિધ પ્રકારની રોકાણની તકો પ્રદાન કરે છે. તથા ગુજરાત રિન્યુએબલ એનર્જી પાર્કના વિકાસ, EPC કોન્ટ્રાક્ટ અને ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કની સ્થાપના માટેની સંભાવનાઓ ધરાવે છે.

## POLICE BAND

પ્રવાસીઓની સુવિધાઓ અને મનોરંજનમાં વધારો કરવાના ઉદ્દેશ્યથી સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ દ્વારા સતત

પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેના ભાગરૂપે પ્રવાસીઓ શનિવાર અને રવિવારે સાંજના સમયે, એસઆરપી પોલીસ બેન્ડની પ્રસ્તુતિનો આનંદ માણી શકશે.

અમારા નર્મદાના પ્રતિનિધિ દિપક જગતાપ જણાવે છે કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ, એકતાનગરના ચેરમેન મુકેશ પુરીની સૂચના અને સીઇઓ ઉદિત અગ્રવાલના માર્ગદર્શનમાં હવે નિયમિતપણે એસઆરપી પોલીસ બેન્ડ વગાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. 7મી ઓકટોબરથી દર શનિવારે સાંજે 6 થી 7 દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટીના પરિસરમાં તેમજ રવિવારે આ જ સમયગાળામાં ચિલડ્રન ન્યુટ્રીશન પાર્ક ની બાજુમાં એકતા ફુડ કોર્ટ પાસે પોલીસ બેન્ડની પ્રસ્તુતિ થશે.

**Panchmahal Rural Self Employment Training Institute**

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના ધારિયા ગામે ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા ગોધરા દ્વારા દસ દિવસીય ડેરી ફાર્મિંગ અને વર્મી કંપોસ્ટ મેકિંગની તાલીમ યોજાઈ ગઇ.

અમારા પંચમહાલના પ્રતિનિધિ વિપુલ પુરોહીતના જણાવ્યા અનુસાર આ તાલીમમાં ૩૫ તાલીમાર્થી બહેનોને ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા, ગોધરા દ્વારા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ સાથે આર-સેટી ગોધરા દ્વારા 30 દિવસની મોબાઈલ રીપેરીંગ, બહેનો માટે સિલાઈ કામ અને બ્યુટી પાર્લર,૧૦ દિવસની ફાસ્ટ ફૂડ અને સ્ટોલ ઉદ્યમી તાલીમ માટે રજીસ્ટ્રેશન પણ ચાલુ કરવામાં આવ્યું છે.

## **CM America summit** -2

અમેરિકન કોંગ્રેસના સદસ્યો તેમજ અધિકારીઓએ આંતરરાષ્ટ્રીય ભાગીદારીને આગળ ધપાવાના અલાયન્સ ઇન્ડસ મંચના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

ભારત, અખાતી દેશોની સહકાર પરિષદ અને આફ્રિકન દેશોના આર્થિક વિકાસને ગતિ આપવા તેમજ ટકાઉ વિકાસને સાકાર કરવા માટે અત્યાધુનિક ટેકનોલોજીના વિનિયોગ કરવા પર આ બેઠકમાં દરમિયાન વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.